શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્નું મુખપત્ર

સદ્‌વિદ્યા પ્રવર્તાવો પૃથ્વી પરે...

ગુરુકુલ દર્શન

વર્ષ-૭ • અંક-૩ • માર્ચ - ૨૦૧૫

પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-

પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ - શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર

દ્રોણેશ્વર ગુરુકુલ ખાતે નિર્માણ પામેલ નૂતન સંત નિવાસ

દ્રોણેશ્વર ગુરુકુલ ખાતે નિર્માણ પામેલ નૂતન મારુતિધામ

સોનાના સૂરજ સૈયર ઉદિયા

(રાગ - રામગરી)

સોનાના સૂરજ સૈયર ઉદિયા
હરિવર વરવાને આવ્યા
અનહદ વાજા ગગને વાગિયા
મુનિવર મંગલ ગાયા... સોનાના
ત્રિવેણીને તીરે તોરણ બાંધિયા
મંડપ મનના રચાવ્યા
પ્રિત્યુની પાટયે રે પ્રિતમ પોંખિયા
મુગતીને મોતીડે વધાવ્યા... સોનાના
ચારે પદારથ ફેરા ફેરિયા
સત્‌ગુરુ વેદ ભણાવ્યા
હાથ રે સોંપ્યા જો હરિના હાથમાં
એવાતન અખંડ કહાયા... સોનાના
માયાની મઢૂલી મેલી નીસર્યા
વા'લાજીએ વેલ્યે ચઢાવ્યા
અભરે ભર્યા રે મારે સા'યબે
હરિએ હાર્યે બેસાડ્યા... સોનાના
ધરમના ધોરીડા રથડે જોડીયા
શ્રીફળ અહંના સીંચાવ્યા
જ્ઞાન ને વેરાગ બે વળાવિયા
નિરભે નાદ સુણાવ્યા... સોનાના
સત્‌ને મારગડે સંતો હાલિયા
સારથ સત્‌ગુરુ સા'યા
આતમને અજવાળે પંથ કાપિયા
માધવ અભેપદને પાયા... સોનાના

– સ્વામી માધવપ્રિયદાસજી

ગુરુકુલ દર્શન

વર્ષ – ૭, માર્ચ – ૨૦૧૫ અંક–૩

પ્રકાશક	:	પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
તંત્રી	:	પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક	:	શાસ્ત્રી શ્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
કલા સંયોજન	:	હરિકૃષ્ણ ગ્રાફિક્સ - અમદાવાદ.
વ્યવસ્થાપન	:	જગજીવનભાઈ પટેલ
તસ્વીર	:	જી. વિઝન
મુદ્રક	:	સૂર્યા ઓફસેટ

છુટક અંક	:	રૂ. ૫/-
પંચ વાર્ષિક લવાજમ	:	રૂ. ૨૫૦/-
આજીવન લવાજમ(૨૫ વર્ષ)	:	રૂ. ૭૦૦/-
વિદેશમાં આજીવન લવાજમ	:	$ ૧૧૦/-

-: સંસ્થાપક :-

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

લવાજમ અંગે પત્રવ્યવહાર

'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

YouTube SwaminarayanGurukul
GurukulParivar

પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

અઢારસોનો સૈકો એટલે રાજકીય અને સામાજિક અંધાધુંધી, ધર્મને નામે ધતિંગ અને ભક્તિના નામે ભ્રષ્ટાચારનો સમય. આ સમયે ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રાગટ્ય અંધકારમાં ગરકાવ સમાજ માટે સૂર્યોદય સમાન સાબિત થયું. ભગવાન શ્રી સ્વામિનારાયણના સર્વ કાર્યો બહુજનહિતાય-બહુજનસુખાય હતા. એમના દ્વારા ઉજવાતા ઉત્સવ-સમૈયા, યજ્ઞો વગેરેમાં માનવીના જીવનઘડતરનો ઉમદા હેતુ હતો. એ કાર્યોમાંથી લોકોને સમાજસેવા, સમાજસુધારો અને સત્કાર્યોની પ્રેરણા સતત મળતી રહેતી.

એ સમયે ભગવાન શ્રી સ્વામિનારાયણના બે હજાર ઉપરાંત સંતોએ મહાગુજરાતના ખુણે ખુણે ફરીને ઈષ્ટદેવના મંગલ સંદેશાઓને જનસમાજ સુધી પહોંચાડી સમાજનું ધાર્મિક, નૈતિક અને સામાજિક ઉત્થાન કર્યું. સ્વયં શ્રીહરિએ મોક્ષમાર્ગની મંગલ માર્ગદર્શિકા સમી શિક્ષાપત્રી લખી.

સહજાનંદ સ્વામીના એ સર્વજીવહિતાવહ શિક્ષાપત્રીના સંદેશાઓ આજે અમૂક સમાજ કે સમય પૂરતા મર્યાદિત નથી રહ્યા, પરંતુ સૃષ્ટિના સમગ્ર જીવોનું સદા-સર્વદા હિત કરનારા છે. એ શિક્ષાપત્રીનો જ એક બ્રહ્મવાક્ય સમો સંદેશ **'પ્રવર્તનીયા સદ્‌વિદ્યા ભુવિ યત્સુકૃતં મહત્'** ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ ઝીલ્યો અને સ્વામિનારાયણ સંપ્રદાયની કાયાપલટ થઈ. ગુરુદેવ દ્વારા ઈ.સ. ૧૯૪૮ વસંતપંચમીના રોજ ગુરુકુલની સ્થાપના થઈ અને જોતજોતામાં ન કેવળ ગુજરાત પરંતુ પૂરાએ ભારતમાં ગુરુકુલના માધ્યમથી સ્વામિનારાયણ સંપ્રદાય આજે વસંતની વનરાઈની માફક ચોમેર સુવાસ પ્રસરાવી રહ્યો છે.

સમય જતા ગુરુદેવ દ્વારા સદ્‌વિદ્યાના મૂર્તિમંત થયેલા કાર્યને અનેક લોકોનો સાથ-સહયોગ મળ્યો અને પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી જેવા સર્વગ્રાહી સદ્‌ગુરુની દીર્ઘદ્રષ્ટિ દ્વારા પ્રસ્થાપિત **SGVP** જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાનું નિર્માણ થયું. સંસ્થા દ્વારા આજે ગુરુકુલનું કાર્ય વિશ્વફલક ઉપર ધર્મધ્વજ ફરકાવી રહ્યું છે.

પૂજ્ય સ્વામીજીના વિઝન અને માર્ગદર્શન પ્રમાણે આજે **SGVP** દ્વારા અનેક પ્રકારના સામાજિક તેમજ ધાર્મિક કાર્યો થઈ રહ્યા છે, જેની સુગંધ સમાજમાં સર્વત્ર પ્રસરેલી છે. પૂજ્ય સ્વામીજી દ્વારા થતા સેવાકાર્યોને સમાજના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ બિરદાવતા રહ્યા છે. છતાં 'આમાં કંઈક ખૂટે છે' એવા સંકેતો પણ મળતા રહ્યા છે.

ગુરુકુલના માધ્યમ દ્વારા હજારો દીકરાઓ સુસંસ્કારિત થઈ દુનિયાના ખૂણેખૂણે પોતાની ફરજ નિષ્ઠાથી બજાવી રહ્યા છે, ત્યારે દીકરીઓ માટે પણ સંતો દ્વારા ગુરુકુલની સ્થાપના થાય તેવી સમાજની તીવ્ર માંગને સ્વામીજીએ વધાવી અને એને સાકારિત કરવાના પગરવ સંભળાયા.

દીકરીઓ માટે ગુરુકુલનું નિર્માણ એ સ્વામિનારાયણ સંપ્રદાય અને સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ માટે તદ્દન આશ્ચર્ય ઉપજાવે એવી વાત હતી, પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણે બાંધાલી મર્યાદામાં રહીને જ્યારે ઐતિહાસિક કાર્યનો આરંભ કરવામાં આવ્યો, ત્યારે સમાજના આગેવાનો અને હજારો લોકોએ આ સરાહનીય કાર્યને હર્ષભેર વધાવી લીધું છે.

ગુરુકુલ નિર્માણ કરવાની સૌપ્રથમ પ્રક્રિયા ભૂમિ સંપાદનની હતી. એવામાં જે વિસ્તાર સદ્‌ગુરુ રામાનંદ સ્વામી, સહજાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, વ્રજ્યાનંદ સ્વામી જેવા નંદ સંતો તથા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, જોગી સ્વામી, પુરાણી સ્વામી વગેરે સદ્‌ગુરુ સંતોએ વર્ષો સુધી જે ભૂમિને વિચરણ કરી પાવન કરી છે, એવા નાઘેર વિસ્તાર ઉપર સંતોની પસંદગી ઉતરી, કારણ કે આ નાઘેર પ્રદેશના ભલા-ભોળા અને ભાવિક ભક્તોનું ગુરુકુલ અને સંપ્રદાયમાં અનેરું પ્રદાન રહેલું છે.

નાઘેર પ્રદેશ એટલે ગીરજંગલનો અંતરિયાળ પ્રદેશ. અહીં દીકરીઓના અભ્યાસ માટે કોઈ ખાસ જાગૃતિ નહીં. આખા પરગણામાં ઉચ્ચ અભ્યાસ માટે કોઈ સુવિધા નહીં. વર્ષોથી મોટી સંખ્યામાં દીકરાઓ પણ અભ્યાસ માટે અમદાવાદ ગુરુકુલ તથા અન્ય શહેરો ઉપર નિર્ભર રહ્યા છે, ત્યારે આ નાઘેર વિસ્તારમાં કન્યા તથા કુમાર વિદ્યાલયની સ્થાપના થાય. સાથે સાથે બાળ-યુવા સંસ્કાર કેન્દ્ર, ગામડાંના ખેડુતો પગભર થાય તેવા વિવિધ આયોજનોની સાથે ગ્રોમોદ્ધારની પ્રવૃત્તિઓનું આયોજન થાય. આવા અનેક કારણોને ધ્યાનમાં લઈ પૂજ્ય સ્વામીજી તથા સંતો દ્વારા અત્યંત રમણીય અને પુરાતન તીર્થધામ દ્રોણેશ્વર મહાદેવના સાનિધ્યમાં જમીન સંપાદનનું કાર્ય સંપન્ન થયું.

અખંડ ભગવદ્ પરાયણ પૂજ્યપાદ જોગી સ્વામીના હસ્તે સંપાદિત ભૂમિનું ભૂમિપૂજન કરવામાં આવ્યું. તારીખ ૧૪ જાન્યુઆરી, ૨૦૧૩ ના રોજ સંત નિવાસ તથા મારૂતિધામ (હનુમાનજી મંદિર)નું ખાતમૂહુર્ત થયું. સંતોની દેખરેખ નીચે તૈયાર થતા આ નૂતન સોપાનનો દેશ-વિદેશના તથા નાઘેર વિસ્તારના ગામડાંઓના ભક્તજનોના તન, મન અને ધનના અનેરા સમર્પણથી નિર્માણકાર્યનો આરંભ થયો.

જ્યાં રોજ સિંહોના પગલાઓ પડતા હોય એવા જંગલનાં અંતરિયાળ વિસ્તારમાં ગુરુકુલનું નિર્માણનું કાર્ય ખરેખર ખૂબ કસોટી માંગી લે તેવું છે. પરંતુ પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીનું સતત માર્ગદર્શન, પૂજ્ય ભંડારી સ્વામી શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામી તથા સંતોની દેખરેખ અને આસપાસના ગામડાંઓના ભક્તજનોના અથાક પરિશ્રમના કારણે ટૂંકા સમયમાં જંગલમાં મંગલ સ્વરુપ સંત નિવાસ અને મારૂતિધામનું નિર્માણ પૂર્ણ થતા તારીખ ૨૧ થી ૨૫ ફેબ્રુઆરી દરમિયાન પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. યોગાનુયોગ આ જ વર્ષે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના હસ્તે નિર્માણ પામેલ શ્રી સ્વામિનારાયણ મંદિર ફાટસરના પચાસ વર્ષ પૂર્ણ થતા મંદિરનો સુવર્ણજયંતી મહોત્સવ પણ ઉજવાયો.

આ મહોત્સવમાં પરમ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી રાકેશપ્રસાદજી મહારાજના હસ્તે સંત નિવાસમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ, મારુતીધામમાં શ્રી કષ્ટભંજનદેવની પ્રતિષ્ઠા થઈ. સાથે સાથે શ્રી સ્વામિનારાયણ મંદિર ફાટસર તથા ઈંટવાયા ખાતે બિરાજતા ઠાકોરજીની પુનઃપ્રતિષ્ઠા પણ કરવામાં આવી.

આ ઐતિહાસિક મહોત્સવમાં બીજી એક અજોડ ઘટના એ ઘટી કે પરમ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી રાકેશપ્રસાદજી મહારાજ, બન્ને લાલજી મહારાજ તથા અ. સૌ. ગાદીવાળા માતુશ્રી એમ સમસ્ત ધર્મકુળ તથા સદ્‌ગુરુ સંતોના હસ્તે દ્રોણેશ્વર ગુરુકુલ ખાતે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ આર.ડી. વરસાણી કુમાર તથા કન્યા વિદ્યાલયનું ખાતમૂહુર્ત થયું. આ ઉપરાંત વિવિધ આયોજનો સાથે નાઘેર પ્રદેશમાં ક્યારેય ન ઉજવાયો હોય એવો ભવ્યાતિભવ્ય મહોત્સવ ઉજવાયો. આમ વિવિધ આયોજનો સાથે ઉજવાયેલ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ઝાંખી ઘર બેઠા સહુને થાય તેવા હેતુથી ગુરુકુલ દર્શનનો આ અંક પ્રસ્તુત કરતા આનંદ અનુભવીએ છીએ.

અખંડ ધૂન

પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવના પ્રારંભે મંગલાચરણ રૂપે ૫૧ કલાકની અખંડધૂન કરવામાં આવી. વિશાળ તેમજ સુશોભિત ધૂનમંડપમાં પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા સંતોએ ધૂનનો પ્રારંભ કરાવ્યો. લગભગ ૭૦ જેટલા ગામના ભાઈ-બહેનોએ પધારી અખંડધૂનો લાભ લીધો. ધૂનની પૂર્ણાહુતિમાં પરમ પૂજ્ય લાલજી મહારાજશ્રી સૌરભપ્રસાદજી મહારાજ તથા દ્વિજેન્દ્રપ્રસાદજી મહારાજે પધારી ધૂનની પૂર્ણાહુતિ કરાવી.

પોથીયાત્રા તથા મહોત્સવ ઉદ્‌ઘાટન

ગ્રંથરાજ સત્સંગિજીવનની કથાના પ્રારંભે બન્ને લાલજી મહારાજના હસ્તે પોથીજીનું પૂજન થયું અને પોથીયાત્રાનો પ્રારંભ થયો. વાજતે-ગાજતે આનંદોલ્લાસ સાથે પોથી યાત્રા સભામંડપના નયનરમ્ય પ્રવેશદ્વાર પાસે પધારી. બન્ને લાલજી મહારાજ તથા સદ્‌ગુરુ સંતોએ પ્રવેશદ્વારનું ઉદ્‌ઘાટન કર્યું.

શંખનાદ, ઢોલ, નગારા, શરણાઈ તથા જયઘોષના નાદો સાથે લાલજી મહારાજ તથા સંતોની વિશાળ તેમજ કલાત્મક સ્ટેજ ઉપર પધરામણી થઈ. સદ્‌ગુરુ સંતો, યજમાનો તથા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તેમજ સંતોના કૃપાપાત્ર વડીલ ભક્તજનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું અને મહોત્સવને વધાવવા થનગનતા વિદ્યાર્થીઓના નૃત્ય સાથે મહોત્સવનું ઉદ્‌ઘાટન થયું.

શ્રીમદ્ સત્સંગિજીવન કથા

પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના જીવનચરિત્રોથી ભરપૂર એવા ગ્રંથરાજ શ્રીમદ્ સત્સંગિજીવનની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. કથાના વક્તાપદે પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ બિરાજમાન થઈ મહારાજના લીલાચરિત્રોનું શ્રવણ કરાવ્યું. આ ઉપરાંત પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પૂજ્ય શાસ્ત્રી શ્રી ભક્તિવેદાંતદાસજી સ્વામી, પૂજ્ય શાસ્ત્રી શ્રી વેદાંતસ્વરૂપદાસજી સ્વામી તથા સંતોએ પ્રસંગોપાત કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

શ્રી મહાવિષ્ણુયાગ

પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉપક્રમે પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીના માર્ગદર્શન અનુસાર દિવ્ય યજ્ઞશાળાનું નિર્માણ થયું. શ્રીમહાવિષ્ણુયાગના મંગલ પ્રારંભે 'અરણી મંથન' દ્વારા અગ્નિનારાયણનું પ્રાગટ્ય કરી અગ્નિકુંડમાં સ્થાપન કરવામાં આવ્યું. ત્રિદિવસીય શ્રી મહાવિષ્ણુયાગમાં યજમાનશ્રીઓએ ભક્તિભાવ પૂર્વક ભગવાનને આહુતિ અર્પણ કરી. શ્રી મહાવિષ્ણુયાગની પૂર્ણાહુતિ પ્રસંગે શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠાધિશ્વર ૧૦૦૮ પરમ પૂજ્ય આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજે પધારી યજ્ઞની પૂર્ણાહુતિ કરી તથા સૌ યજમાનશ્રીઓને રૂડા આશીર્વાદ પાઠવ્યા.

ભવ્ય શોભાયાત્રા

પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની પધરામણી તથા તેમના સ્વાગત અર્થે ફાટસર ગામની ભાગોળેથી ભવ્ય શોભાયાત્રાનો પ્રારંભ થયો. વિવિધ શણગારેલા ફ્લોટસ્‌ની સાથે સાથે ઘોડા, રથો, બગીઓ, મોટી સંખ્યામાં નાચતા-ગાતા ભાઈ-બહેનો શોભાયાત્રામાં જોડાયા. સિદીભાઈઓના આદીવાસી નૃત્યે શોભાયાત્રામાં સહુને આકર્ષ્યા. આમ મંદિરમાં બિરાજમાન થનારી મૂર્તિઓ સાથે શોભાયાત્રા ધામધૂમથી પહોંચી મંદિરના પ્રાંગણમાં.



મૂર્તિ પ્રતિષ્ઠા

શ્રી સ્વામિનારાયણ મંદિર ફાટસર

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ દ્વારા નિર્માણ પામેલ શ્રી સ્વામિનારાયણ મંદિર ફાટસરના ૫૦ વર્ષ પૂર્ણ થતા સૂવર્ણ જયંતિ મહોત્સવ ઉપક્રમે મંદિરનું રીનોવેશન થયું. તેમજ પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના હસ્તે મંદિરમાં મૂર્તિઓની પુનઃપ્રતિષ્ઠા કરવામાં આવી. આ ઉપરાંત શ્રી સ્વામિનારાયણ મંદિર ઈંટવાયામાં પણ મૂર્તિઓની પુનઃપ્રતિષ્ઠા થઈ.



શ્રી સ્વામિનારાયણ મંદિર ઇંટવાયા

મૂર્તિ પ્રતિષ્ઠા

(સંત નિવાસ-શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર)



શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર ખાતે નિર્માણ પામેલ નૂતન સંત નિવાસમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની નયનરમ્ય મૂર્તિની પ્રતિષ્ઠા પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના હસ્તે કરવામાં આવી તથા નાંદેર પ્રદેશમાં સૌ પ્રથમવાર સારંપુરમાં બિરાજમાન શ્રી કષ્ટભંજનદેવની પ્રતિકૃતિસમાન અદ્‌ભૂત અને ભવ્ય હનુમાનજી મહારાજની પ્રતિષ્ઠા મારુતિધામ ખાતે કરવામાં આવી.



મારુતિધામ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ - દ્રોણેશ્વર





ખાતમૂહુર્ત

(શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ આર.ડી. વરસાણી કુમાર તથા કન્યા વિદ્યાલય)

પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં સંપ્રદાયમાં સૌ પ્રથમવાર ગુરુકુલના ખાતમૂહુર્તમાં પરમ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી રાકેશપ્રસાદજી મહારાજ, બન્ને લાલજી મહારાજ તથા અ. સૌ. ગાદીવાળા માતુશ્રી એમ સમસ્ત ધર્મકુળના હસ્તે તથા સદ્‌ગુરુ સંતો, દાતાશ્રીઓ તથા મહાનુભાવોના હસ્તે દ્રોણેશ્વર ગુરુકુલ ખાતે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ આર.ડી. વરસાણી કુમાર તથા કન્યા વિદ્યાલયનું ખાતમૂહુર્ત થયું.

પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીનું પૂજન તથા આશીર્વાદ



શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર આયોજિત પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું સ્નેહભર્યું નિમંત્રણ સ્વીકારી પરમ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી રાકેશપ્રસાદજી મહારાજ સસ્નેહ પધાર્યા અને સંતો-ભક્તોને દર્શન-કથાશ્રવણનો લાભ આપી પાવન કર્યા.

મહારાજશ્રીના આશીર્વાદ

અનેકવિધ આયોજનો સાથે આયોજિત પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં કથાશ્રવણનો લાભ આપતા અને આંતરરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત, અમારા પરમ સ્નેહી શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, પૂજ્ય પુરાણી સ્વામી, પૂજ્ય બાલકૃષ્ણસ્વામી, ઉપસ્થિત સહું સંતો તથા ભક્તજનો... જય શ્રી સ્વામિનારાયણ.

આજે અમારું હૃદય ગૌરવ સાથે કહેવા માગે છે કે આ નાઘેર પ્રદેશમાં જો કોઈ ભવ્યાતીભવ્ય મહોત્સવ થયો હોય તો એ આ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ છે. આ મહોત્સવ સમસ્ત નાઘેર પ્રદેશ તથા બાબરિયાવાડના ભક્તજનોનો ઉત્કર્ષ સાધે એવો મહોત્સવ છે. માટે અમે શાસ્ત્રીજી તથા સહુ ગુરુકુલ પરિવારના સંતો-ભક્તોને હૃદયથી બીરદાવીએ છીએ.

આજથી સાઇઠ વર્ષ પૂર્વે શાસ્ત્રી સ્વામી શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ દીર્ઘદ્રષ્ટીથી અનેરું વિઝન જોયું અને સત્સંગ તથા શિક્ષણને સાથે રાખી ગુરુકુલની સ્થાપના કરી. સ્વામીજીનું એ વિઝન આજે અહીં નાઘેર પ્રદેશમાં સાકારિત થઈ રહ્યું છે.

પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી ખૂબ વિશાળ હૃદયના છે. જેવા એ વિશાળ છે એવા જ હનુમાનજી મહારાજ સ્વામીએ અહીં પધરાવ્યા છે. સાક્ષાત સારંગપુર નિવાસી હનુમાનજી મહારાજ અહીં પધાર્યા હોય એવું લાગે છે. આ મારુતીધામમાં બિરાજમાન શ્રી કષ્ટભંજન દેવ આ પ્રદેશના ભક્તોના કષ્ટો હરશે એવી અમને હૃદયથી શ્રદ્ધા છે.

શાસ્ત્રીજીની વાતો ખૂબ સચોટ હોય છે. સંપ્રદાયના શાસ્ત્રોનો સાર એ ખૂબ સારી રીતે સમજ્યા છે. શાસ્ત્રો તો ઘણા સમજ્યા હોય પણ મહારાજના તથા મોટા સંતોના મતને રજૂ કરવાની કળા ભગવાન શ્રી સ્વામિનારાયણે શાસ્ત્રીજીને આપી છે એ આપણા માટે ગૌરવની વાત છે. શાસ્ત્રીજી ખૂબ નિર્માનીપણે રહી દેશ-વિદેશમાં સત્સંગનું પોષણ કરે છે અને સંપ્રદાય લેવલે નહીં પણ આંતરરાષ્ટ્રીય લેવલે સેવા કરે છે એ આપણા માટે ખૂબ ગૌરવની વાત છે. આવા સંતોનો કેવળ મહિમા રાખીએ તો પણ આપણે તરી જઈએ.

આજે શાસ્ત્રીજીએ નાઘેર વિસ્તારમાં ખૂબ મોટુ કાર્ય કર્યું છે. મોટા મોટા નગરોમાં-શહેરોમાં ગુરુકુલની સ્થાપના થાય એ ખૂબ સ્વાભાવિક અને સહજ છે, પણ એક નાનકડાં ગામડાંમાં, ગીર પ્રદેશમાં આ કાર્ય કર્યું છે એ ખૂબ મોટી વાત છે. આગળ જતા સમસ્ત ગુજરાત કે ભારત નહી પરંતુ સમગ્ર વિશ્વમાં આ સંસ્થા ગૌરવ મેળવશે એવી અમને ખાતરી છે. જ્યારે આખો ભારત કન્યા કેળવણી વિશે પોકારો કરે છે, ત્યારે અહીં ગુરુકુલ પરિવાર દ્વારા કન્યા કેળવણીની શરુઆત થઈ રહી છે ત્યારે ખૂબ આનંદ થાય છે. અહીં ઉત્તમ કન્યા કેળવણી થશે અને સંપ્રદાયની પાયાની સેવા થશે એવો અમને વિશ્વાસ છે. આ ઉત્સવમાં તેમજ સંસ્થાના વિકાસમાં જે જે ભક્તોએ પોતાની સદ્‌લક્ષ્મીનો ઉપયોગ કર્યો છે એમને ભગવાન શ્રીહરિ ખૂબ સુખી રાખે એવી પ્રાર્થના કરીએ છીએ.





પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં ધામધામથી સંતો તથા મહાનુભાવોએ પધારી કથાવાર્તાનો લાભ આપ્યો.



(અગ્રણીશ્રી, શ્રી ક.લે.પટેલ સમાજ-પૂણે)

(અગ્રણીશ્રી, શ્રી ક.લે.પટેલ સમાજ-પૂણે)

ગુરુકુલ દર્શન માસિક અંગેની વિગતો

ન્યુઝ પેપર રજીસ્ટ્રેશન રુલ ૧૯૫૮ અન્વયે જાહેરનામું

પ્રકાશન સ્થળ:- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, મેમનગર, અમદાવાદ

પ્રકાશન સમય :- દર માસની ૨૫ તારીખ

પ્રકાશકનું નામ:- પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

રાષ્ટ્રીયતા :- ભારતીય

સરનામું:- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, મેમનગર, અમદાવાદ

તંત્રીનું નામ :- પાર્ષદ શામજી ભગત

માસિકના માલિક :- પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

હું પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામી આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે સહી પુરાણી બાલકૃષ્ણદાસ.

પ્રાણપ્રતિષ્ઠા મહોત્સમાં સહભાગી યજમાનશ્રીઓને આશીર્વાદ



રાત્રિ કાર્યક્રમ

મહોત્સવમાં રાત્રિકાર્યક્રમ દરમિયાન ઠાકરથાળી, વિદ્યાર્થીઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ અભેસિંહજી રાઠોડ, જગદીશ ત્રિવેદી, ગોપાલભાઇ બારોટ, સાંઇરામ દવે વગેરે કલાકારો દ્વારા સત્સંગ ડાયરો તથા હાસ્યરસ વગેરે આયોજનો થયા હતા.

મહિલામંચ

પરમ પૂજ્ય અ. સૌ. ગાદીવાળા માતુશ્રીની પાવનકારી ઉપસ્થિતમાં મહોત્સવ દરમિયાન મહિલામંચનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહિલામંચમાં ધામધામથી સાંખ્યયોગી બહેનોએ પધારી કથાવાર્તાનો લાભ આપ્યો હતો તથા બાલીકાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે નાની નાની દીકરીઓએ હૃદયસ્પર્શી પ્રવચનો કર્યા હતા તથા સંપ્રદાયમાં સૌ પ્રથમવાર ગુરુકુલ પરિવાર દ્વારા કન્યા ગુરુકુલની સ્થાપના થઈ રહી છે ત્યારે અહોભાવ વ્યક્ત કર્યો હતો. ઉપરાંત પૂજ્ય ગાદીવાળા માતુશ્રીએ પણ સંતોના કન્યા કેળવણીના કાર્યને બીરદાવ્યું હતું તથા પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી હતી.



મહોત્સવ પૂર્ણાહુતિ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વરના આંગણે ઉજવાયેલ પંચદિનાત્મક ભવ્યાતિભવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની પૂર્ણાહુતિમાં પૂજ્ય સ્વામીજીએ મહારાજના લીલાચરિત્રોની કથા સાથે હીંડોળાઉત્સવ કરાવ્યો. કીર્તનભક્તિ, રાસોત્સવ, સંતોના આશીર્વાદ તથા શ્રીજી મહારાજના જયઘોષ સાથે મહોત્સવની પૂર્ણાહુતિ થઈ.

સમાચાર દર્શન

સત્સંગ જ્ઞાનયજ્ઞ, મુંબઈ :- પૂજ્ય સ્વામીજીના વક્તા સ્થાને શ્રી સ્વામિનારાયણ સત્સંગ જ્ઞાન મંડળ દ્વારા આયોજિત જ્ઞાનયજ્ઞમાં ઉપસ્થિત પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી, સંતો તથા ભક્તજનો.

વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન અભ્યાસ પૂર્ણ કરી સમાવર્તન સંસ્કાર પ્રાપ્ત કરનારા અમદાવાદ ગુરુકુલ તથા દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ.

પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં રાત્રિ-દિવસ સેવા કરનારા ભક્તજનોની સન્માન સભા, દ્રોણેશ્વર ગુરુકુલ

નૂતન પ્રકાશન

'મોર ધીરે આવો...' પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી દ્વારા રચાયેલા ભક્તિસભર લોકગીતના ઢાળના કીર્તનોની ઓડીયો સી.ડી. પ્રફુલ દવે, હેમંત ચૌહાણ, આદિત્ય ગઢવી જેવા સુપ્રસિદ્ધ ગાયકોના કંઠે અને હસમુખ પાટડિયાના સંગીત સાથે કંડારાયેલ ભક્તિરસમાં તરબોળ કરનારું અદ્‌ભૂત નજરાણું.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલય, મેમનગર - અમદાવાદ

પ્રવેશ માહિતી

ધો. - ૯

★પ્રવેશ ફોર્મ તા. ૧૦/૪/૧૫ થી ૨૧/૪/૧૫ દરમિયાન મેમનગર ગુરુકુલના મુખ્ય કાર્યાલયમાંથી પ્રાપ્ત થશે. (સમય : સવારે ૯ થી ૧૧ અને સાંજે ૪ થી ૬) ★પ્રવેશ પરીક્ષા તા.૨૧/૪/૧૫, મંગળવારના રોજ સવારે ૯ કલાકે લેવાશે. ★ ધોરણ ૮ ના અભ્યાસક્રમ આધારે ગણિત (૪૦ ગુણ), વિજ્ઞાન (૩૦ ગુણ) અને અંગ્રેજી (૩૦ ગુણ) કુલ ૧૦૦ માર્ક્સનું પેપર લેવામાં આવશે. ★પ્રવેશ પરીક્ષાના પરિણામના આધારે પ્રવેશ માન્ય કરવામાં આવશે.

ધો. - ૧૧ કોમર્સ /સાયન્સ

★ ધોરણ ૧૦માં ૬૫% થી વધારે હોય તેને કોમર્સમાં અને ૮૦%થી વધારે હોય તેને સાયન્સમાં પ્રવેશ મળશે. ★ પ્રવેશ કાર્યવાહી ધોરણ ૧૦ ના ઓનલાઈન પરિણામ આવ્યાના બીજા જ દિવસથી માત્ર બે જ દિવસ ચાલશે, જેમાં પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે માન્ય કરવામાં આવશે.

નોંધ :- ધોરણ ૧૦, ૧૨ તથા કોલેજના નવા વિદ્યાર્થીઓ માટે વ્યવસ્થા ન હોવાથી મહેરબાની કરીને શરમાવશો નહી. અમદાવાદના સ્થાનિક વિદ્યાર્થીઓને છાત્રાલયમાં પ્રવેશ મળશે નહી, માત્ર સ્કુલમાં જ પ્રવેશ મળશે. - પ્રવેશ કાર્યવાહીની અન્ય જાણકારી માટે.

-:: સંપર્ક ::-

શ્રી મુક્તસ્વરૂપદાસજી સ્વામી, મો. ૯૦૯૯૦૯૨૫૫૬, વ્યવસ્થાપકશ્રી / પ્રિન્સીપાલશ્રી
સુર્યકાંતભાઈ મો. ૯૯૦૯૦૪૪૮૮૧ (સમય : સવારે ૯ થી ૧૧)

શ્રદ્ધા સુમન

પ. ભ. શ્રી રમેશભાઇ ભીમજીભાઇ જસાણી :- ગામ ફાટસર નિવાસી પ.ભ. રમેશભાઈ જસાણી તારીખ ૧૮ ફેબ્રુઆરીના રોજ ૫૦ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. ભીમજીબાપાના આ પરિવારે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનો ખૂબ જ રાજીપો મેળવ્યો છે. આ પરિવારની સેવાઓ ગુરુકુલમાં અજોડ રહી છે. યુવાન અને સરળ સ્વભાવના રમેશભાઈના અક્ષરવાસથી સારાએ ગુરુકુલ પરિવારને એક અદના સેવકની ખૂબ મોટી ખોટ પડી છે. ભગવાન શ્રીહરિ તેમના આત્માને પોતાનું સુખ આપે તથા શ્રી કનુભાઈ, શ્રી વજુભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

પ.ભ. શ્રી વાઘજીભાઇ રામભાઇ ગજેરા :- ગામ હરિપુરા નિવાસી પ. ભ. શ્રી વાઘજીભાઈ ૯૫ વર્ષની ઉંમરે હરિસ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. સંતો તથા ભક્તોમાં હેતવાળા તથા સતત ભજન કરનારા વાઘજીભાઈના પવિત્ર આત્માને મહારાજ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા તેમના પરિવારજનો શ્રી ડાયાભાઈ, શ્રી જયેશભાઈ, શ્રી વિપુલભાઈ વગેરેને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

આગામી આયોજન

તા. ૦૪/૦૪/૧૫, શનિવાર : હનુમાન જયંતી : મારુતી યજ્ઞ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર.
તા. ૦૫/૦૪/૧૫, રવિવાર : સુહૃદ સભા: શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ છારોડી, સાંજે ૫:૩૦ કલાકે.
તા. ૧૫/૦૪/૧૫, બુધવાર : વરૂથિની એકાદશી : કીર્તનભક્તિ, સાંજે ૮ : ૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ
તા. ૨૭/૦૪/૧૫, સોમવાર : શ્રીહરિ જયંતી : શ્રી નિલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન, સવારે ૬:૩૦ કલાકે, અમદાવાદ ગુરુકુલ
તા. ૨૯/૦૪/૧૫, બુધવાર : મોહિની એકાદશી : કીર્તનભક્તિ, સાંજે ૮ : ૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ

'ફાઉન્ડેશન ફોર વૈદિક ઇન્ડીયા' અને 'મહર્ષિ વેદવ્યાસ પ્રતિષ્ઠાનમ્' દ્વારા આયોજિત ઇન્ટરનેશનલ કોન્ફરન્સમાં ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી, અશોક સિંઘલજી, પરમાત્માનંદજી મહારાજ તથા અનેક દેશોના મહાનુભાવો, દીલ્હી.



મહર્ષિ વેદવ્યાસ પ્રતિષ્ઠાનમ્ સાથે SGVP નું એમ.ઓ.યુ. પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી, પૂજ્ય બ્રહ્મદેવજી મહારાજ તથા અન્ય મહાનુભાવો, દીલ્હી.

SGVP માં ચાલતા અમૃતારોગ્યમ્નું સાઉથ કેરોલીના યુનિ. સાથે એમ.ઓ.યુ. પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી, યુનિ.ના સભ્યો તથા ભક્તજનો.

પરમ પૂજ્ય કાર્ષ્ણી શ્રી ગુરુશરણાનંદજી મહારાજના સાનિધ્યમાં આયોજિત મહોત્સમાં ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી, સંતો તથા ભક્તજનો, વૃંદાવન.

'GURUKUL DARSHAN' RNI NO. GUJGUJ/2009/28937 Date of publication is 25th of every month and Permitted to post at A'bad, PSO on 25th of every month. Registered under NO.GAMC-1468/2013-2015.valid up to 31-12-2015 issued by SSP A'bad-9. Licence to post without prepayment NO.CPMG/GJ/112/2014 valid up to 31-12-2015.

પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય દર્શનીય સ્ટેજ

મહોત્સવમાં ઉપસ્થિત ગુરુકુલ પરિવારના ભક્તજનો